પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

નં. પીજીવીસીએલ/સીજીઆરએફ/૯૧/કવા–૦૩/૧૫–૧૬ / 4108 તા. 04.04.15

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
અનીલભાઈ તીવારી
C/O, દીલીપ વી. ભટ્ટ
સરૂ શેકશન રોડ, અમૃત ટેનામેન્ટ,
જામનગર
મો.૯૯૭૪૦ ૬૬૦૪૧

વિષય :–વીજબીલ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૮–૧૨–૧૫ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર : ૯૧/કવા–૦૩/૧૫–૧૬)

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.) 02

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૧ જામનગર
(૩) નાયબ ઈજનેર શ્રી , પીજીવીસીએલ , સેન્ટ્રલઝોન પેટા વિભાગીય કચેરી, જામનગર

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 06 / A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૯૧/કવા–૦૩/૧૫–૧૬ કમિટિ મીટીંગ તા.૨૯–૦૪–૧૬ સ્થળ :–જામનગર

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

અરજદાર (ફરીયાદી) : નામ: અનીલભાઈ તીવારી, ગામ: જામનગર

રજુઆત કરનાર : અરજદાર શ્રી અનીલભાઈ તીવારી હાજર રહેલ હતા

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : સેન્ટ્રલઝોન પેટા વિભાગીય કચેરી, જામનગર (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૧ જામનગર)

રજુઆત કરનાર : પી.એલ.ગોહિલ, કાર્યપાલક ઈજનેર શહેર વિભાગીય કચેરી નં ૧ જામનગર

---

**: હુકમ:**

ફરીયાદ : વીજબીલ બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓના ઘરવપરાશ ના જોડાણ નંબર : ૩૨૧૧૨/૦૨૦૧૮/૮, મા પીજીવીસીએલ તરફથી માહે ફેબ્રુઆરી–માર્ચ –૧૫ નુ ૧૦૨૬૯ યુનીટ નુ રૂ.૭૯,૫૯૧ નુ વીજબીલ અપાયેલ છે. આ બીલ જે તેમના જોડાણ વાળા સ્થળ ની ક્ષમતા અને વપરાશી વીજભાર ના અનુસંધાને – ઘણુ જ વધારે અને ગેરવ્યાજબી જણાયેલ હોય, આ બીલ ને ન્યાયિક રીતે મુલવવા માટે તેઓએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) પક્ષકાર ની રજુઆત**

| | |
|---|---|
| ૨.૧ | અરજદાર ના ઘરવપરાશ ના જોડાણ નંબર : ૩૨૧૧૨/૦૨૦૧૮/૮, મા પીજીવીસીએલ તરફથી માહે એપ્રીલ–મે –૧૫ નુ ૧૦૨૬૯ યુનીટ નુ રૂ.૭૯,૫૯૧ ના વીજબીલ બાબતે, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી પુરતુ લક્ષ આપી અને, અરજદાર શ્રી ના સદર જોડાણ નુ, ભેલ કંપની નુ સવાલવાળુ મીટર નં. : ૦૮૩૬૯૨૩, જે પર્ફોમા –૧૫ નંબરઃ ૬૪૪૭૫, તા.૦૨–૦૨૧૫ ના રોજ સ્થળ પર થી ઉતારી અને પેપરપેક કરવામા આવેલ હતુ. આ સમયે મીટર મા ૧૨૮૮૯ છેલ્લા રીડીંગ નોંધાયેલ હતા. તેમજ તા.૦૨–૦૧–૧૫ ના રોજ નવુ એ–૧ કંપની નુ મીટર નંબરઃ ૦૨૦૧૫૩૦૪, જે શરૂઆતના ૦૦૦૦૦ રીડીંગ થી લગાડવામા આવેલ હતુ. આ સમયે, સદર જોડાણવાળુ સ્થળ બીન વપરાશી એટલેકે બંધ હાલત મા હોય, વીજભાર ની નોંધણી થયેલ ન હતી. ત્યારબાદ, મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે ના અગાઉ તા.૦૨–૦૨–૧૫ ના રોજ ના પેપરપેક કરાયેલ અરજદાર શ્રી ભેલ કંપની ના સવાલવાળુ મીટર નં. : ૦૮૩૬૯૨૩, ને પીજીવીસીએલ ની લેબોરેટરી મા ચકાસણી કરવામા આવતા મીટર તાંત્રીક રીતે યોગ્ય જણાયેલ હતુ. અને તેમા છેલ્લા રીડીંગઃ ૧૨૮૮૯.૭ નોંધાયેલ હતા. |
| ૨.૨ | આ કેઈસ મા, જણાયેલ છે કે અરજદાર શ્રી નુ સવાલવાળુ, ભેલ કંપની નુ, ૧૦–૨૦ એમ્પીયર વાળુ સવાલવાળુ મીટર નં. : ૦૮૩૬૯૨૩, જે ખરેખર પાચ (૫) ડીઝીટ વાળુ હોય છે. પરંતુ, સદર મીટર નો કાચ '' ઘણા લાંબા સમય થી ઝાખો થયેલ હોય'' આવા કારણોસર, અરજદાર શ્રી ના સદર જોડાણ નુ બીલીંગ, જે નિયમીત મીટર રીડરો તરફથી, સદર મીટર નુ રેગ્યુલર રીડીંગ '' પાચ (૫) ડીઝીટ '' ને બદલે '' ચાર (૪) ડીઝીટ '' મુજબ જ લેવાયેલ છે. આવા '' ચાર (૪) ડીઝીટ '' મુજબ ના ભુલ ભરેલા યુનીટ રીડીંગ અન્વયે ના અગાઉ, માહે જાન્યુઆરી–ફેબ્રુઆરી –૧૫ સુધી ના બીલીંગ થયેલ હતા. જાન્યુઆરી–ફેબ્રુઆરી –૧૫ સુધી ના બીલીંગ સમયે, – '' ચાર (૪) ડીઝીટ '' મુજબ છેલ્લા રીડીંગ ૨૬૨૦ હતા. જયારે, માહે ફેબ્રુઆરી–માર્ચ –૧૫ ના રોજ, આ જોડાણ મા '' પાચ (૫) ડીઝીટ '' મુજબ નુ બીલીંગ થયેલ હતુ. જે મુજબ, અરજદાર ને માહે ફેબ્રુઆરી–માર્ચ –૧૫ નુ, ૧૦૨૬૯ યુનીટ નુ સવાલવાળુ વીજબીલ અપાયેલ છે. આમ, આ જોડાણ મા, શરતચુક થી, '' પાચ (૫) ડીઝીટ '' ને બદલે '' ચાર (૪) ડીઝીટ '' મુજબ ના બીલીંગ ના કારણોસર, અરજદાર ને જે સવાલવાળુ ફેબ્રુઆરી–માર્ચ –૧૫ નુ ૧૦૨૬૯ યુનીટ નુ રૂ.૭૯,૫૯૧ નુ વીજબીલ અપાયેલ છે. તે ખરેખર ૨૬૯ યુનીટ મુજબ ની ગણતરીએ થતી રકમ મુજબ નુ જ હોવુ જરૂરી છે. જેથી, પીજીવીસીએલ તરફથી અરજદાર શ્રી ને સદર બીલીંગ સુધારણા અન્વયે, સવાલવાળુ ફેબ્રુઆરી–માર્ચ –૧૫ નુ વીજબીલ, જે ખરેખર ૨૬૯ યુનીટ (૧૦૨૬૯ – ૧૦,૦૦૦ = ૨૬૯) ની ગણતરીએ અરજદાર શ્રી ની જાણકારી, હાજરી, અને સંતોષ હેઠળ રીવાઇઝ કરી આપી અને અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. આમ, સદર વીજબીલ રીવાઇઝ થતા, અરજદાર ના બીલીંગ ખાતામા, સદર ૧૦,૦૦૦ યુનીટ ની રકમ રૂ. ૭૭,૧૯૭/ ૨૯ હિસાબકીય ગણતરી મુજબ, બાદ થઈ અને બીલીંગ ખાતામા જમા થયેલ છે. તે અન્વયે હવે, બાકી રહેતી રકમ રૂ.૨,૪૦૦/– પણ અરજદારે તા.૩૧–૧૨–૧૫ ના રોજ પીજીવીસીએલ ની સબંધક કચેરી મા ભરપાઈ કરી આપેલ છે. આમ, પીજીવીસીએલ તરફથી અરજદાર ની ફરીયાદ નુ નિરાકરણ થયેલ છે. |

મુદ્દા નં.–૩ : : નિષ્કર્ષ :

**૩.૧** સદર કેઈસ મા, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ, અરજદાર શ્રી ના ઘરવપરાશ વીજજોડાણ ના સવાલવાળા મીટર સબંધક દસ્તાવેજીક પેપર્સ અભ્યાસે લેતા જણાયેલ છે કે, અરજદાર શ્રી ના સવાલવાળા જોડાણ ના ભેલ કંપની ના સવાલવાળુ મીટર નં. : ૦૮૩૬૯૨૩, જે ખરેખર, '' પાચ (૫) ડીઝીટ '' મુજબ નુ હોવા છતા, નિયમીત મીટર રીડરો ની, અગાઉ ના દીર્ઘકાલીન સમયગાળા દરમ્યાન ની, બેદરકારી યુકત ભુલ ને કારણે, સદર જોડાણ ના સવાલવાળા મીટર નુ '' પાચ (૫) ડીઝીટ '' ને બદલે '' ચાર (૪) ડીઝીટ '' મુજબ નુ બીલીંગ થયેલ હતુ. જ્યારે, આ મીટર ખરેખર '' પાચ (૫) ડીઝીટ '' મુજબ નુ હોવા સબંધક એવા દસ્તાવેજીક પુરાવા રૂપ લેબોરેટરી ચકાસણી અહેવાલ સાંપડેલ છે. આમ, આ મીટર લેબોરેટરી ચકાસણી દરમ્યાન, છેલ્લા રીડીંગ: ૧૨૮૮૯.૭ ('' પાચ (૫) ડીઝીટ '') મુજબ ની વિગતે નુ જણાયેલ છે. જ્યાં, લેબોરેટરી ચકાસણી અહેવાલ ના આધારે જ, અરજદાર શ્રી ની સદર ફરીયાદ પીજીવીસીએલ કક્ષાએથી, નિરાકરણ થવા પાત્ર હોવા છતા, પીજીવીસીએલ કક્ષાએથી આ મુજબ ની નિરાકરણ ની કાર્યવાહી કરાયેલ ન હોવાના કારણોસર જ, આખરે ફરીયાદી અરજદારે ફોરમ સમક્ષ ફરીયાદ અરજી કરવાની લાચારીવશ ફરજ પડેલ છે. સદર મીટર સબંધક તમામ બાબતો ધ્યાને લેતા, અરજદાર ને અપાયેલ સવાલવાળુ ફેબ્રુઆરી–માર્ચ –૧૫ નુ ૧૦૨૬૯ નુ વીજબીલ, જે ખરેખર, ૧૦,૨૬૯ યુનીટ ને બદલે ૨૬૯ યુનીટ મુજબ ની ગણતરીએ થતી રકમ મુજબ નુ જ હોવુ, જરૂરી હોવાનુ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ અભિપ્રાય રજુ થયેલ છે. પરંતુ આ અભિપ્રાય મુજબ ની કાર્યવાહી અગાઉ પીજીવીસીએલ પક્ષકારે, જો, અરજદાર શ્રી ની હાજરી, જાણકારી અને સંતોષ હેઠળ પુર્ણ કરેલ હોત તો, અરજદાર ના આ કેઈસ મા, ફોરમ સમક્ષ આવી અરજી કરવાનો કોઈ અવકાશ રહેત નહી. સદર પ્રકાર ની, પીજીવીસીએલ ની સબંધક કચેરી ના સબંધક કર્મચારી ની, ક્ષતિગ્રસ્ત અને બેદરકારી યુકત કામગીરી ની ફોરમ કમિટી ને ગંભીર નોંધ લીધેલ છે. ભવિષ્ય મા, આ મુજબ ના બનાવો નુ પુનરાવર્તન ન થાય, અને સતર્કતા જળવાય તે માટે જવાબદારો સામે, પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય કાર્યવાહી, જે વર્તુળ કચેરી ની રાહબારી નીચે હાથ ધરવામા આવે તે મુજબ ની સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નોંધ મુકવામા આવે છે.

**૩.૨** અરજદાર ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની ફરીયાદ અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ કક્ષાએથી મુદ્દા નં. ૨.૧ મુજબ ની કાર્યવાહી થયેલ હતી. જે, અન્વયે અરજદાર શ્રી ના સવાલવાળા ભેલ કંપની ના સવાલવાળુ મીટર નં. : ૦૮૩૬૯૨૩, જે ખરેખર લેબોરેટરી ચકાસણી દરમ્યાન, છેલ્લા રીડીંગ: ૧૨૮૮૯.૭ મુજબ ની વિગતે નુ જણાયેલ છે. આમ, સદર મીટર, જે પીજીવીસીએલ પક્ષકાર ના મુદ્દા નં.૨.૨ મુજબ ની વિગતે, શરતચુક થી, '' પાચ (૫) ડીઝીટ '' ને બદલે '' ચાર (૪) ડીઝીટ '' મુજબ ના લેવાયેલ, બીલીંગ ના કારણોસર, અરજદાર ને જે સવાલવાળુ ફેબ્રુઆરી–માર્ચ –૧૫ નુ ૧૦૨૬૯ યુનીટ નુ રૂ.૭૯,૫૯૧ નુ વીજબીલ અપાયેલ છે. જેથી, સવાલવાળુ ફેબ્રુઆરી- માર્ચ ૧૫ નુ ૧૦૨૬૯ નુ વીજબીલ, જે ખરેખર ૨૬૯ યુનીટ મુજબ ની ગણતરીએ થતી રકમ મુજબ નુ જ હોવુ, પીજીવીસીએલ પક્ષકાર ને જરૂરી જણાયેલ છે. જેથી, પીજીવીસીએલ તરફથી અરજદાર શ્રી ને સદર બીલીંગ સુધારણા અન્વયે, સવાલવાળુ ફેબ્રુઆરી–માર્ચ –૧૫ નુ વીજબીલ, જે ખરેખર ૨૬૯ યુનીટ (૧૦૨૬૯ - ૧૦,૦૦૦ = ૨૬૯) ની ગણતરી, એ અરજદાર શ્રી ની જાણકારી, હાજરી, અને સંતોષ હેઠળ રીવાઇઝ કરી આપી, અને અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. આમ, સદર સવાલવાળા ફેબ્રુઆરી–માર્ચ –૧૫ ના વીજબીલ રીવાઇઝ થતા, અરજદાર ના બીલીંગ ખાતામા, સદર ૧૦,૦૦૦ યુનીટ ની રકમ રૂ. ૭૭,૧૯૭/ ૨૯, જે હિસાબકીય ગણતરી મુજબ સદર સવાલવાળા ફેબ્રુઆરી માર્ચ ૧૫ ના વીજબીલ મા બાદ થઈ અને સદર જોડાણ ના બીલીંગ ખાતામા જમા થયેલ છે. આમ, અરજદાર શ્રી નુ સવાલવાળા ફેબ્રુઆરી માર્ચ ૧૫ નુ વીજબીલ પીજીવીસીએલ કક્ષાએથી રીવાઇજ થતા, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ છે. જેથી હવે, ફેબ્રુઆરી માર્ચ –૧૫ નુ વીજબીલ રીવાઇજ થયા બાદ, બાકી રહેતી રકમ રૂ.૨,૪૦૦/– પણ અરજદાર શ્રી એ, તા.૩૧–૧૨–૧૫ ના રોજ પીજીવીસીએલ ની સબંધક કચેરી મા ભરપાઈ કરી આપેલ છે. આમ, પીજીવીસીએલ તરફથી અરજદાર ની ફરીયાદ નુ નિરાકરણ થયેલ છે.

મુદ્દા નં.–૪ : હુકમ

**૪.૧** સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૨ મુજબ ની વિગતે,અરજદાર ને અપાયેલ માહે ફેબ્રુઆરી–માર્ચ –૧૫ નુ, ૧૦૨૬૯ યુનીટ નુ રૂ.૭૯,૫૯૧ નુ વીજબીલ, જે પીજીવીસીએલ પક્ષકાર તરફથી, ૧૦૨૬૯ યુનીટ ને બદલે, ખરેખર ૨૬૯ યુનીટ મુજબ ની ગણતરીએ રીવાઇઝ કરી આપેલ છે. આમ રીવાઇઝ ગણતરી થતા, ૧૦,૦૦૦ યુનીટ સદર સવાલવાળા ફેબ્રુઆરી–માર્ચ –૧૫ ના વીજબીલ માથી, બાદ મળતા, તે અન્વયે ની ગણતરી એ થતી કુલ રકમ રૂ. ૭૭,૧૯૭ ૨૯, જે અરજદાર શ્રી ના સદર બીલીંગ ખાતામા, પીજીવીસીએલ તરફથી જમા આપવામા આવે છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે.

( કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

( એમ.એન. ઓઝા )
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..